ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ
નિગમ લિ.ગાંધીનગરને સમાન ફાળાની
ગ્રાન્ટ ફાળવવા બાબત.
**રૂ. ૧૫૦.૦૦ લાખ વર્ષ ૨૦૨૦-૨૧**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૦૬-૧૩૪૮-અ૧.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૬/03/૨૦૨૧

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૯/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃબજેટ/ ૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૭/૧૧/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃવિજાક/ બો.નિ/૨૦-૨૧/૧૦૧૭-૧૮

ઠ રા વઃ-

ગુજરાત અલ્પ સંખ્યક અને નાણાં વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વંચાણે લીધેલા ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગની બજેટ શાખાના ઠરાવથી ગુજરાત અલ્પ સંખ્યક અને નાણાં વિકાસ નિગમ લિ. માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાન ફાળા ગ્રાન્ટ પેટે રૂ. ૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૧૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક અને નાણાં વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજુરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક (૨) ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૧૫૦.૦૦ લાખ ( અંકે રૂપિયા એક સો પચાસ લાખ પુરા)ની સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક અને નાણાં વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.
(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.
(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

193/કો.ગ્રાન્ટ 8-4-2021

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા. ૧૦/૦૯/૨૦૨૦ ના ઠરાવ તથા અત્રેના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૫/૦૩/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક અને નાણાં વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧